Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

ગુરૂવાર, તા.૧ જુન, ૨૦૨૩
1/6/2023 * VOL : 43 * NO. 257 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૧૨

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

આજનો સુવિચાર
મનમાં ભરીને જીવશો તો ક્યારેય મન ભરીને જીવી નહીં શકો

# દેશના મોટાભાગના વિસ્તારોમાં ૧૫ જૂનથી ચોમાસુ બેસશે

## ૧ જૂને કેરળ- તમિલનાડુમાં, ૧૫ જૂનથી ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારમાં ચોમાસુ શરૂ થશે

**નવી દિલ્હી,**
૧૯ મેથી આંદામાન અનેનિકોબાર ટાપુઓ પર અટવાયેલા દક્ષિણપશ્ચિમ ચોમાસાએ ૨૯ મેના રોજ વેગ પકડ્યો હતો. ૧૫ જૂનથી દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ શરૂ થવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સામાન્ય ગતિએ આગળ વધતા, ચોમાસાએ ૨૨ થી ૨૬ મે દરમિયાન આંદામાન અને નિકોબાર ટાપુઓ પાર કરીને બંગાળની ખાડીમાં આગળ વધવું જોઈતું હતું, પરંતુ ચોમાસું ૩૧ મેના રોજ એ સ્થિતિમાં પહોંચ્યું છે. આમ એ સામાન્ય કરતાં લગભગ એક સપ્તાહ મોડું ચાલી રહ્યું છે.

ચોમાસાની ગતિને જોતા અનુમાન છે કે ૧ જૂને કેરળ અને તમિલનાડુમાં ચોમાસાનો વરસાદ શરૂ થશે, ૫ જૂન સુધીમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ અને પૂર્વોત્તરમાં વરસાદ પડશે. ચોમાસું ૧૦ જૂન સુધીમાં મહારાષ્ટ્ર અને તેલંગાણા પહોંચી જશે. ૧૫ જૂનથી ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઓડિશા, બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસાનો વરસાદ શરૂ થશે. ૨૦ જૂનથી રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં વરસાદ પડશે. ચોમાસાનો આ તબક્કો ૮મી જુલાઈ સુધી ચાલુ રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસ સુધી સમગ્ર ઉત્તર પશ્ચિમ ભારતમાં ૫૦-૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ સિવાય કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

ખાસ કરીને રાજસ્થાન, હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ પડી શકે છે. આ દરમિયાન, ઉત્તર પશ્ચિમ ભારતમાં મોટાભાગના સ્થળોએ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે રહેશે. ૧ થી ૩ જૂનની વચ્ચે બિહાર સહિત ગંગાના મેદાનોમાં ગરમીનું મોજું પ્રવર્તી શકે છે. દેશમાં નિયત સમયે કરતાં એક અઠવાડિયું મોડું ચોમાસું શરૂ થવાનું છે ત્યારે આ વખતે પણ વૈશ્વિક હવામાન વિભાગે અલ નિનોની અસર વિશ્વનાં અનેક દેશો ઉપર જોવા મળશે તેવી દહેશત વ્યક્ત કરી છે. ત્યારે ભારતમાં ચોમાસુ મધ્યમ રહેશે. તેવી આગાહી કરાઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સેન્સેક્સમાં ૩૪૭, નિફ્ટીમાં ૯૯ પોઈન્ટનો કડાકો

**મુંબઈ,**
વૈશ્વિક બજારમાં નબળા સેન્ટિમેન્ટ વચ્ચે બુધવારે સ્થાનિક શેરબજારો ઘટાડા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૩૪૬.૮૯ પોઈન્ટ એટલે કે ૦.૫૫ ટકાના ઘટાડા સાથે ૬૨,૬૨૨.૨૪ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૯૯.૪૫ પોઈન્ટ્સ અથવા ૦.૫૩ ટકાના ઘટાડા સાથે ૧૮,૫૩૪.૪૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે સુઝલોન એનર્જીનો શેર ૧૦ ટકાથી વધુના ઉછાળા સાથે બંધ થયો હતો. નિફ્ટીમાં ઓએનજીસીમહત્તમ ૩.૨૪ ટકા તૂટ્યો હતો.

### પાકિસ્તાને બાકી રકમ ન ચુકવતા મલેશિયાએ વિમાન જપ્ત કર્યું

**કુઆલાલમ્પુર,**
પાકિસ્તાન કંગાળ બની ગયુ છે તે હવે આખી દુનિયા જાણી ચુકી છે અને તેના કારણે દુનિયાના બીજા દેશોમાં પાકિસ્તાનનો ફજેતો થઈ રહ્યો છે. પાકિસ્તાનના મિત્ર કહેવાતા મલેશિયાએ વિમાનની બાકી રકમની ચુકવણી પાકિસ્તાને નહીં કરી હોવાથી પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સનુ બોઈંગ ૭૭૭ પ્રકારનુ વિમાન જપ્ત કરી લીધુ છે. બંને દેશો વચ્ચે સારા સબંધ હોવા છતા મલેશિયાએ પાકિસ્તાનને તેની ઓકાત દેખાડી દીધી છે. એક અહેવાલ અનુસાર પાકિસ્તાને આ વિમાન લીઝ પર લીધુ હતુ અને તેના પેટે ૪ મિલિયન ડોલર ચુકવવાના હતા પણ પાકિસ્તાન તે ચુકવી નહીં શકતા મલેશિયાએ વિમાન જપ્ત કરી લીધુ છે.

### ચીનના લડાકૂ વિમાને યુએસ સેનાના વિમાન સામે આક્રમકતા બતાવી

**વોશિંગ્ટન,**
અમેરિકાએ જણાવ્યું કે દક્ષિણ ચીન સાગર પર આંતરરાષ્ટ્રીય હવાઈ ક્ષેત્રમાં ઉડતા ચીનના લડાકૂ વિમાને અમેરિકી આર્મીના વિમાન સામે આક્રમકતા બતાવવાનો પ્રયાસ કર્યો હતો. અમેરિકાના સૈન્ય કમાન્ડરે કહ્યું કે ચીનનું જે-૧૬ વિમાન ગત અઠવાડિયે અમેરિકાના વિમાન સામે આવી ગયું હતું અને તેણે કળાબાજી બતાવી હતી. જેના લીધે યુએસ આરસી-૧૩૫ વિમાને ટર્બુલન્સનો સામનો કરવો પડ્યો હતો. ચીનના ફાઈટર જેટ અને અમેરિકાના વિમાનની ઘટના સાથે જોડાયેલ એક વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે ચીની ફાઈટર પ્લેન અમેરિકન પ્લેનની નજીકમાંથી પસાર થાય છે. જેના કારણે યુએસ આરસી-૧૩૫ વિમાન હચમચી જાય છે.

### હવે ઓટીટી પ્લેટફોર્મ પર પણ તમાકુ વિરોધી ચેતવણી બતાવવી પડશે

**નવી દિલ્હી,**
કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ઓટીટીપ્લેટફોર્મ પર તમાકુ વિરોધી ચેતવણીઓ માટે નવા નિયમોની નોટિફિકેશન જાહેર કરી છે. આ નોટિફિકેશનમાં ઓટીટીપ્લેટફોર્મ માટે કન્ટેન્ટમાં તમાકુ વિરોધી ચેતવણી સંદેશા દર્શાવવાનું ફરજિયાત બનાવાયું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો ઓનલાઈન કન્ટેન્ટ પબ્લિશર નવા નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને માહિતી અને પ્રસારણ મંત્રાલય કડક કાર્યવાહી કરશે. વર્લ્ડ નો ટોબેકો ડે પર સ્વાસ્થ્ય મંત્રાલયેઆ સૂચના જારી કરી છે. ત્યારબાદ નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઇમ, હોટસ્ટાર અને સોની લિવ જેવા તમામ ઓટીટીપ્લેટફોર્મ માટે કન્ટેન્ટ સાથે તમાકુ વિરોધી ચેતવણીઓ દર્શાવવી ફરજિયાત રહેશે.

## રાજસ્થાનના જાણીતા બ્રહ્મા મંદિરમાં મોદીએ પૂજા-અર્ચના કરી



**નવી દિલ્હી,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનમાં ભાજપનો ચૂંટણીપ્રચાર શરૂ કરી દીધો છે. કેન્દ્ર સરકારના નવ વર્ષ પૂર્ણ થવાના અવસર પર જનસંપર્ક અભિયાનની શરૂઆત કરવા અજમેર પહોંચેલા મોદીએ કહ્યું હતું કે નવનિર્માણનો આ સમયગાળો ચાલી રહ્યો છે. ૨૦૧૪ પહેલાં દેશભરમાં લોકો ભ્રષ્ટાચાર વિરુદ્ધ રસ્તા પર ઊતરી આવ્યા હતા. મોટાં શહેરોમાં રોજ આતંકવાદી હુમલા થતા હતા, કોંગ્રેસ સરકાર સરહદ પર રોડ બનાવતા ડરતી હતી. કોંગ્રેસ એવી પાર્ટી છે, જે વિકાસનાં કામોમાં ૮૫ ટકા કમિશન મેળવે છે.

મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ લૂંટફાટમાં કોઈની સાથે ભેદભાવ કરતી નથી. ગરીબ હોય, વંચિત હોય, આદિવાસી હોય, દલિત હોય, લઘુમતી હોય, તે બધાને સમાન રીતે લૂંટે છે. કોંગ્રેસે કરોડો મહિલાઓ અને બાળકો સાથે રમત રમી. જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે દેશમાં રસીકરણનો વ્યાપ માત્ર ૬૦% સુધી પહોંચ્યો હતો. ત્યાર બાદ ૧૦૦માંથી ૪૦ મહિલા અને બાળકો એવાં હતાં જેમને જીવન બચાવતી રસી ન મળી શકી. જો હવે કોંગ્રેસની સરકાર હોત તો દરેકને રસી આપવામાં ૪૦ વર્ષ લાગ્યાં હોત.

જાહેરસભા પહેલાં તેઓ તીર્થરાજ પુષ્કરના બ્રહ્મા મંદિર પહોંચ્યા હતા. અહીં તેમણે પૂજા કરી હતી. બ્રહ્મા મંદિરના પૂજારીઓએ પાઘડી પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું. અહીં આરતી અને પરિક્રમા કર્યા બાદ મોદીએ પૂજારીઓ સાથે મંદિર વિશે પણ વાત કરી હતી. મંદિરનાં દર્શન કર્યા બાદ મોદી કયાડના વિશ્રામ સ્થાને પહોંચ્યા હતા. કેન્દ્ર સરકારનાં ૯ વર્ષ પૂર્ણ થવાના અવસરે અજમેરથી બીજેપીના જનસંપર્ક અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. મોદીની સભાના મંચ પરના પોસ્ટરમાં વસુંધરા રાજેને પણ સ્થાન આપવામાં આવ્યું હતું. તેમના સિવાય સીપી જોશી અને રાજેન્દ્ર રાઠોડના ચહેરા પોસ્ટરમાં હતા.

## યુકેના નવા ઈમિગ્રેશન નિયમોથી ભારતીય વિદ્યાર્થીઓને ફટકો

**નવી દિલ્હી,**
યુકે દ્વારા તેની ઈમિગ્રેશન પોલિસીમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. જોકે, તેની અસર હાયર એજ્યુકેશન માટે યુકે જવાનું પ્લાનિંગ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ પર પડશે. યુકેના ગૃહ વિભાગના રાજ્ય સચિવ સુએલા બ્રેવરમેને ઈમિગ્રેશન પોલિસીમાં ફેરફારની જાહેરાત કરી છે. તેમણે જાહેર કરેલા નિવેદન પ્રમાણે ભારત સહિત વિદેશના નોન-રીસર્ચ પોસ્ટ-ગ્રેજ્યુએશન વિદ્યાર્થીઓને હવે તેમના પરિવારના સભ્યો અથવા ડિપેન્ડન્ટ્સને તેમની સાથે યુકેમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ નવા નિયમો જાન્યુઆરી ૨૦૨૪થી અમલી બનશે. તેમણે જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૨ એ પૂરા થયેલા વર્ષમાં સ્પોન્સર્ડ સ્ટુડન્ટ્સના ડિપેન્ડન્ટ્સને અંદાજિત ૧,૩૬,૦૦૦ વિઝા આપવામાં આવ્યા હતા. જે ૨૦૧૯માં ૧૬,૦૦૦ કરતા આઠ ગણા વધારે છે, જ્યારે સરકાર દ્વારા નેટ માઈગ્રેશન ઘટાડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. જોકે, એક્સપર્ટ્સનું માનવું છે કે આ ફેરફારથી ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓ યુકેમાં અભ્યાસ અંગે વિચાર કરશે. તેનાથી તેઓ અમેરિકા, ફ્રાન્સ અને આયર્લેન્ડ જેવા દેશો પર પસંદગી ઉતારી શકે છે.

## મહિલાઓને ભણવા કે સંતાનો વચ્ચે પસંદગીની ફરજ ન પાડી શકાય

**નવી દિલ્હી,**
દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે, મહિલાઓને ભણવા કે સંતાનો વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડી શકાય નહીં. આ મહત્વની ટિપ્પણી સાથે કોર્ટે એમ.એડ.ની વિદ્યાર્થીનીને મેટરનિટી લિવનો લાભ આપવા અને જરૂરી હાજરી પુરી કર્યા બાદ પરીક્ષામાં બેસવા દેવાનો પણ નિર્દેશ આપ્યો છે.

જસ્ટિસ પુરૂષેન્દ્ર કુમાર કૌરવે તાજેતરમાં એમ.ઈડીની વિદ્યાર્થીનીની અરજી પર ચુકાદો આપતા કહ્યું કે બંધારણમાં સમાનતાવાદી સમાજની કલ્પના કરવામાં આવી છે, જેમાં નાગરિકો તેમના અધિકારોનો ઉપયોગ કરી શકે છે. સમાજની સાથે સાથે રાજ્ય પણ તેમને આ માટે પરવાનગી આપે છે. કોર્ટે વધુમાં કહ્યું કે બંધારણીય બાબતોની યોજના મુજબ, કોઈને શિક્ષણનો અધિકાર અને પ્રજનન સ્વાયત્તતાના અધિકાર વચ્ચે પસંદગી કરવાની ફરજ પાડી શકાય નહીં. મહિલા અરજદારે ડિસેમ્બર, ૨૦૨૧માં ચૌધરી ચરણ સિંહ યુનિવર્સિટીમાં બે વર્ષના એમ.ઈડીકોર્સ માટે એડમિશન કરાવ્યુંહતું. ત્યારબાદ તેણે મેટરનિટી લીવ માટે યુનિવર્સિટીના ડીન અને વાઈસ ચાન્સેલરને અરજી કરી હતી. તેને ૨૮ ફેબ્રુઆરીએ ફગાવી દેવામાં આવી હતી. યુનિવર્સિટી મેનેજમેન્ટે ક્લાસમાં ફરજિયાત હાજરીના ધોરણોને પૂર્ણ કરવાના આધારે અરજદારને મેટરનિટી લિવનો લાભ આપવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ અરજદારે હાઈકોર્ટમાં અરજી કરી હતી.

# દેશની ૪૦ મેડિકલ કોલેજોની માન્યતા રદ, ૧૫૦ પર નજર

## સીસીટીવી, આધાર-લિંક્ડ બાયોમેટ્રિક હાજરી પ્રક્રિયા અને ફેકલ્ટીની જવાબદારી સંબંધિત અનેક ત્રુટીઓ મળી

**નવી દિલ્હી,**
કેન્દ્ર સરકાર દ્વારા દેશની ૪૦ મેડિકલ કોલેજની માન્યતા રદ કરવામાં આવી છે. ઉપરાંત ૧૫૦ મેડિકલ કોલેજ હાલમાં સરકારની નજર હેઠળ છે. એનો અર્થ એ છે કે આ બાકીની ૧૫૦ કોલેજ પર પણ કાર્યવાહી થઈ શકે છે. આ અંગે મળતી વિગતો મુજબ તપાસ દરમીયાન આ કોલેજ તથા તેની વ્યવસ્થા પ્રણાલીમાં અનેક તૃટિઓ જોવા મળી છે. તેથી સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. નેશનલ મેડિકલ કોલેજના યુજીબોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસના આધારે ૪૦ મેડિકલ કોલેજની માન્યતા રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આ કોલજો દ્વારા મહાવિદ્યાલયના નિયમોનું પાલન કરવામાં આવતું નથી. આયોગ દ્વારા કરવામાં આવેલ તપાસ અંતર્ગત સીસીટિવી કેમેરા, આધાર- લિંક્ડ બાયોમેટ્રિક હાજરી પ્રક્રિયા અને ફેકલ્ટીની જવાબદારી સંબંધિત અનેક તૃટિઓ તપાસ અંતર્ગત જાણવા મળી હતી. તેથી કેન્દ્ર સરકાર દ્વારા કડક વલણ દાખવી આવી કોલેજોની માન્યતા રદ કરવામાં આવી છે. સરકારી આંકડા મુજબ ૨૦૧૪થી દેશના મેડિકલ કોલેજીસમાં દેખીતી રીતે વધારો થયો છે. આરોગ્ય પ્રધાન ભારતી પ્રવીણ પવારે ફેબ્રુઆરીમાં રાજ્યસભામાં કહ્યું હતું કે ૨૦૧૪માં ૩૮૭ મેડિકલ કોલેજ હતાં. જોકે હવે તેની સંખ્યા ૬૯ ટકાથી વધીને ૬૫૪ થઈ છે. એમબીબીએસની બેઠકોમાં ૯૪ ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૧૪માં એમબીબીએસની બેઠકો ૫૧,૩૪૮ હતી જે હવે વધીને ૯૯,૭૬૩ થઈ ગઈ છે. ંની બેઠકોમાં ૧૦૭ ટકાનો વધારો થયો છે. જે ૨૦૧૪ પહેલાં ૩૧,૧૮૫ હતી જે હવે ૬૪,૫૫૯ થઈ ગઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા જે ૪૦ કોલેજોની માન્યતા રદ કરવામાં આવી છે તેમાં ગુજરાત, આસામ, પોંડીચેર, તામીળનાડુ, પંજાબ, આંધ્ર પ્રદેશ, ત્રિપુરા અને પશ્ચિમ બંગાલ આ રાજ્યની કોલેજીસનો સમાવેશ છે. ઉપરાંત ૧૫૦ કોલેજીસની તપાસ હજી ચાલી રહી છે. જો તેમાં કોઇ તૃટિ દેખાશે તો તેની માન્યતા પણ રદ કરવામાં આવશે એમ કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે. ત્યારે હવે પ્રશ્ન થાય છે કે જે કોલેજીસની માન્યતા રદ કરવામાં આવી છે તેમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનું શું થશે? જોકે આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા હજી સુધી કોઈ જાણકારી આપવામાં આવી નથી. જોકે આ કોલેજીસ નેશનલ મેડિકસ કાઉન્સીલમાં અપીલ કરી શકે છે એ માટે સરકાર દ્વારા માર્ગ ખૂલો રાખવામાં આવ્યો છે. તેથી જો મેડિકલ કાઉન્સીલ આ કોલેજોને રાહત આપે તો વિદ્યાર્થીઓને કોઈ અડચણ નહીં થાય. પણ જો મેડિકલ કાઉન્સલ સરકારના નિર્ણય સાથે રહેશે તો કેન્દ્ર સરકારે માન્યતા રદ થયેલી કોલેજના વિદ્યાર્થીઓના ભવિષ્ય અંગે વિચારણા કરવી પડશે.

## અનંતનાગમાં આતંકીઓએ હિંદુ યુવકની હત્યા કરી

**શ્રીનગર,**
જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં દુધની ખરીદી માટે બજારમાં ગયેલા એક બિન-મુસ્લિમ કામદારની લશ્કર-એ-તોયબાના આતંકીઓએ સોમવારે ગોળી મારી હત્યા કરી હતી. જમ્મુ રિજનના ઉધમપુર જિલ્લાનો નિવાસી કામદાર દીપુ કુમાર જંગલાત મંડી વિસ્તારમાં એક સર્કસમાં કામ કરી રહ્યો હતો. સરકારે દીપુ કુમારના પરિવારને રૂ. ૫ લાખની સહાયની જાહેરાત કરી છે.

પોલીસે જણાવ્યું હતું કે, જંગલાત મંડી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી એક સર્કલ લાગ્યું છે, જેને સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. વધુમાં સર્કસની પોતાની સિક્યોરિટી પણ છે. દીપુ કુમાર સોમવારે સાંજે દુધ ખરીદવા માટે નજીકના બજારમાં જતો હતો ત્યારે બે મોટરસાઈકલ સવારોએ તેને ગોળી મારી દીધી હતી. દીપુને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.

કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું હતું કે, આતંકીઓએ અનંતનાગમાં જંગલાત મંડી નજીક અમ્યુઝમેન્ટ પાર્કમાં એક ખાનગી સર્કસ મેળામાં કામ કરતા દીપુને ખૂબ જ નજીકથી ગોળી મારી હતી. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તોયબાના ઓછા જાણિતા આતંકી જૂથ કાશ્મીર ફ્રીડમ ફાઈટરે ઊઠાવી છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ મૃતક દીપુ કુમારના પરિવારજનોને રૂ. ૫ લાખની સહાયની જાહેરાત કરી હતી. આ સાથે મનોજ સિંહાએ જમ્મુમાં બસ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનોને પણ રૂ. ૫ લાખ અને ગંભીર ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ આપવાની જાહેરાત કરી હતી. ઉધમપુર નિવાસી દીપુ કુમારની હત્યાના વિરોધમાં ઉધમપુર જિલ્લામાં મંગળવારે સેંકડો લોકોએ રસ્તા પર દેખાવો કર્યા હતા. ખયાલ સુન્હાલ પંચાયતના સભ્ય રાજેશ કુમારના નેતૃત્વમાં દેખાવકારો બાતાલ ચોકમાં એકત્ર થયા હતા અને ધાર માર્ગ બંધ કરી દીધો હતો અને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કર્યો હતો. વધુમાંરાજેશ કુમારે મનોજ સિંહાને દીપુ કુમારના પરિવાર માટે આજીવિકાની વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી. દીપુ કુમારના પરિવારમાં તે એકલો જ કમાનાર હતો.

## જાપાનમાં એલર્ટ, લોકોને સુરક્ષિત જગ્યાએ ખસી જવા માટેનો નિર્દેશ

**ટોકિયો,**
સૈન્ય જાસૂસ ઉપગ્રહની પુષ્ટિ કર્યાના એક દિવસ બાદ ઉત્તર કોરિયાએ આજે સંભવિત બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. દક્ષિણ કોરિયાના સૈન્યએ જણાવ્યું કે ઉત્તર કોરિયાએ સંભવિત બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ છે.

જોકે, દક્ષિણ કોરિયાના સૈન્યના નિવેદન બાદ બુધવારે સવારે જાપાને ઓકિનાવા વિસ્તાર માટે તેની મિસાઈલ ચેતવણી પ્રણાલી સક્રિય કરી હતી. વડાપ્રધાન કાર્યાલય દ્વારા ટ્વિટ કરીને એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મિસાઈલ પ્રક્ષેપણ અંગે પીએમઓએ કહ્યું કે એવું લાગે છે કે ઉત્તર કોરિયાએ મિસાઈલ લોન્ચ કરી છે. તેને ધ્યાનમાં રાખીને, લોકો ઈમારતો અથવા ભૂગર્ભ સ્થળોએ આશ્રય લઈ લે. જોકે, લગભગ ૩૦ મિનિટ પછી, સરકારે ટ્વિટ કર્યું કે ચેતવણી રદ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે એવી આશા છે કે આ મિસાઈલ જાપાની ક્ષેત્ર તરફ નહીં આવે. ઉલ્લેખનીય છે કે જાપાને ઉત્તર કોરિયાના પ્રક્ષેપણના જવાબમાં અગાઉના કેટલાય પ્રસંગોએ પોતાની મિસાઈલ અર્લી વોર્નિંગ એલાર્મને એલર્ટ કર્યું છે. જો કે, આ ચેતવણીઓ સામાન્ય રીતે ઝડપથી પાછી ખેંચી લેવામાં આવે છે.

## વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાને કેન્દ્ર સરકારની મંજૂરી

**નવી દિલ્હી,**
કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને ફાયદો થાય તે હેતુથી અન્ન સંગ્રહ યોજના શરૂ કરવામાં આવી છે. કેબિનેટની બેઠક બાદ મોદી સરકારે આ નિર્ણય લીધો છે. આ યોજના ખેડૂતો માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વિશ્વની સૌથી મોટી અન્ન સંગ્રહ યોજનાને મોદી સરકારે મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે આ યોજના પર નિવેદન આપીને કહ્યું હતું કે આજની કેબિનેટ બેઠકમાં સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી ખાદ્ય સંગ્રહ યોજનાની મંજૂરી પર નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૧૪૫૦ લાખ ટનની સંગ્રહ ક્ષમતા છે અને હવે સહકારી ક્ષેત્રમાં ૭૦૦ લાખ ટન સંગ્રહ ક્ષમતા શરૂ થશે. આ યોજના પર લગભગ એક લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ યોજના હેઠળ દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન અનાજ સંગ્રહ ગોડાઉન બનાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આજની બેઠકમાં સીઆઈટીઆઈઆઈએસ ૨.૦ લોન્ચ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના ભાગો સીઆઈટીઆઈઆઈએસ ૧.૦ જેવા જ રહેશે. તેના માટે ૧૮૬૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે આગામી પાંચ વર્ષમાં સહકારી ક્ષેત્રમાં સંગ્રહ ક્ષમતામાં ઝડપથી વધારો કરવામાં આવશે. આ પછી સંગ્રહ ક્ષમતા ૨,૧૫૦ લાખ ટન થશે. અનુરાગ ઠાકુરે તેને વિશ્વની સૌથી મોટી ફૂડ સ્ટોરેજ સ્કીમ ગણાવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારનું આ પગલું અનનો બગાડ અટકાવશે કારણ કે હાલમાં દેશમાં મોટા પ્રમાણમાં અનાજનો સંગ્રહ ક્ષમતાના અભાવે બગાડ થાય છે. આનાથી આયાત પરની નિર્ભરતા પણ ઘટશે અને ગ્રામીણ વિસ્તારોમાં અનાજ સંગ્રહ ક્ષમતાના વિકાસને કારણે ગ્રામીણ લોકો માટે રોજગારીની તકો પણ ઉભી થશે

## ત્રણ રાજ્યોમાં પીએફઆઈના ૨૫ સ્થળે એનઆઈએના દરોડા

**નવી દિલ્હી,**
ફુલવારી શરીફ કેસમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા પર નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ફરી એકવાર એક્શન મોડમાં આવી ગઈ છે. એનઆઈએએ આજે ત્રણ રાજ્યોમાં પીએફઆઈના ૨૫ સ્થળો પર દરોડા પાડ્યા છે. એનઆઈએની ટીમ કર્ણાટક, કેરળ અને બિહારમાં અલગ-અલગ સ્થળોએ કાર્યવાહી કરી રહી છે.

એનઆઈએ પ્રતિબંધિત સંગઠન પીએફઆઈઅને તેની સાથે જોડાયેલા લોકો વિરુદ્ધ કર્ણાટક, બિહાર અને કેરળમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. તપાસ એજન્સી બિહારના કટિહારમાં મોહમ્મદ નદવી અને તેની સાથે જોડાયેલા લોકો સામે પણ કાર્યવાહી કરી રહી છે. મોહમ્મદ નદવી પીએફઆઈસાથે લાંબા સમયથી સંકળાયેલા છે.

આ સાથે તપાસ એજન્સીની ટીમ પણ યુસુફ ટોલા સુધી પહોંચી ગઈ છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, ફુલવારી શરીફ કેસમાં સૌથી મોટો દરોડા કર્ણાટકમાં પાડવામાં આવી રહ્યા છે. કર્ણાટકમાં પીએફઆઈના ૧૬ સ્થળો પર આ કાર્યવાહી ચાલી રહી છે. બિહારના ફુલવારી શરીફમાં પીએફઆઈનો ૨૦૪૭ નામનો દસ્તાવેજ સામે આવ્યો છે.









# ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૭૩.૨૭ ટકા પરિણામ : ગત વર્ષ કરતાં ઓછું રિઝલ્ટ

**અમદાવાદ,**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષે ૭૩.૨૭% પરિણામ આવ્યું છે, ગયા વર્ષ કરતાં ૧૩.૬૪ ટકા ઓછું છે. ગયા વર્ષે ૮૬.૯૧ ટકા રિઝલ્ટ હતું. શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર સવારે ૭-૩૦એ વાગ્યે જાહેર કરાયું છે.

માર્ચ ૨૦૨૩ની સામાન્ય પ્રવાહની પરીક્ષા રાજ્યનાં ૪૮૨ કેન્દ્રો ઉપર લેવામાં આવી હતી. જેમાં ૪,૭૯,૨૯૮ નિયમિત ઉમેદવારો નોધાયા હતા, જે પૈકી ૪,૭૭,૩૯૨ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, તેમાંથી ૩,૪૯,૭૯૨ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૭૩.૨૭ % ટકા આવ્યું છે. જ્યારે અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા રિપિટર ઉમેદવારો તરીકે ૨૯,૯૭૪ ઉમેદવારો નોંધાયા હતા, તે પૈકી ૨૮,૩૨૧ પરીક્ષા આપી હતી. જેમાં ૧૧,૨૦૫ ઉમેદવાર પાસ થયા છે. આમ રિપિટર ઉમેદવારોનું પરિણામ ૩૯.૫૬% ટકા આવ્યું છે.


(તસવીર :જયેશમોદી)

ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં ૩૪,૫૩૩ ખાનગી નિયમિત ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી ૩૧,૯૮૮ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ૧૦,૮૩૦ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. ખાનગી નિયમિત ઉમેદવારોનું પરિણામ ૩૩.૮૬ % ટકા આવ્યું છે. અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા ખાનગી રિપિટર ઉમેદવારો તરીકે ૧૨,૮૪૯ ઉમેદવારો નોંધાયેલા હતા, તે પૈકી ૧૧,૮૩૩ ઉપસ્થિત રહ્યા હતા. તેમાંથી ૩,૪૨૫ ઉમેદવાર પાસ થયા છે. આમ ખાનગી રિપિટર ઉમેદવારોનું પરિણામ ૨૮.૯૪%ટકા આવ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં આવેલી જુદી જુદી જેલોમાં રહેલા બંદીવાનોની પરીક્ષા જેલની અંદર પરીક્ષા કેન્દ્રની વ્યવસ્થા ઊભી કરીને લેવાઈ હતી. જેમાં કુલ ૫૬ બંદીવાનોએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૨ ઉમેદવાર પાસ થયા છે.

અગાઉ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયું હતું. ત્યાર બાદ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું અને આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે. અગાઉના પરિણામની જેમ જ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ તથા વ્હોટ્સએપ નંબર પર સીટ નંબર મોકલીને પરિણામ મેળવી શકશે. રાજ્યભરના ૪.૫૦ લાખ જેટલા અંદાજિત વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. અગાઉ ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયું હતું. ત્યારથી વિદ્યાર્થીઓમાં પરિણામને લઈને આતુરતા હતી, જેનો હવે અંત આવ્યો છે.

૨૦૨૨માં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું રેકોર્ડબ્રેક ૮૬.૯૧ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં ૪ લાખ ૨૨ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. ગત વર્ષે ડાંગ જિલ્લાનું સૌથી ઊંચું પરિણામ ૯૫.૪૧ ટકા અને વડોદરા જિલ્લાનું સૌથી ઓછું ૭૬.૪૯ ટકા પરિણામ આવ્યું હતું. જો કે, ૧૨ વર્ષની સરખામણીએ એટલે કે વર્ષ ૨૦૧૦થી વર્ષ ૨૦૨૨ના સમયગાળામાં પરિણામની ટકાવારી જોઈએ તો વર્ષ ૨૦૨૨નું પરિણામ અગાઉનાં તમામ વર્ષો કરતાં વધારે નોંધાયું હતું.

૨૦૨૨માં સુબીર, છાપી, અલારસા કેન્દ્રમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. સૌથી ઓછું પરિણામ લાવનારું કેન્દ્ર ડભોઈ હતું, જેમાં માત્ર ૫૬.૪૩ ટકા જ પરિણામ આવ્યું હતું, જ્યારે એક જ સ્કૂલમાં ૧૦ ટકા કરતાં ઓછું પરિણામ આવ્યું હતું. ૧૦૬૪ સ્કૂલમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થિનીઓનું પરિણામ ૪.૫૬ ટકા વધુ આવ્યું હતું.

૨૦૨૨માં અમદાવાદ શહેરનું ૭૯.૮૭ અને ગ્રામ્યનું ૮૧.૯૨% પરિણામ આવ્યું હતું. અમદાવાદ શહેરમાં ૧૦૬ વિદ્યાર્થીએ એ૧ ગ્રેડ મેળવ્યો હતો. જ્યારે ગ્રામ્યમાં ૧૦૧ વિદ્યાર્થીએ એ૧ ગ્રેડ મેળવ્યો હતો.

૨૦૨૨માં રાજકોટ જિલ્લાનું ૮૮.૭૨ ટકા પરિણામ આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં સૌથી વધુ ૯૯.૩૪ ટકા વાંગધ્રા કેન્દ્રનું અને સૌથી ઓછું રાજકોટ સેન્ટ્રલ જેલનું ૦ ટકા રિઝલ્ટ હતું. રાજકોટ સેન્ટ્રલ જેલમાં એક કેદીએ પરીક્ષા આપી હતી અને તે પણ ફેલ થતાં શૂન્ય પરિણામ આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં એ૧ ગ્રેડમાં ૪૦૨ વિદ્યાર્થી, એ૨ ગ્રેડમાં ૨૫૫૮ વિદ્યાર્થી, બી-૧ ગ્રેડમાં ૪૧૬૬ વિદ્યાર્થી, બી-૨માં ૪૮૭૬ વિદ્યાર્થી, સી૧ ગ્રેડમાં ૩૮૧૧ વિદ્યાર્થી, સી-૨ ગ્રેડમાં ૧૫૬૨ વિદ્યાર્થી, ડી૧ ગ્રેડમાં ૧૨ વિદ્યાર્થી અને ઈ૧ ગ્રેડમાં ૩ વિદ્યાર્થીનો સમાવેશ થયો હતો. સુરત બાદ રાજકોટ જિલ્લામાં એ૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હતી.

## કચ્છનું સૌથી ઉંચુ ૮૪.૫૯ ટકા પરિણામ: ગયા વર્ષની સરખામણીમાં કુલ પરિણામમાં ૧૩ ટકાનો ઘટાડો

# ૫ જૂને વડાપ્રધાન મોદી ગુજરાત આવશે, ડ્રીમ પ્રોજેક્ટની મુલાકાત લેશે

**(એજન્સી)અમદાવાદ,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી પાંચ જૂને સુરત જિલ્લાની મુલાકાત લેવાના છે. પલસાણા તાલુકાના અંત્રોલી ગામે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુલાકાતે પીએમ મોદી આવવાના છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ લઈને પીએમ આવનાર હોવાથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા અને દેશની સર્વ પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું સુરત સ્ટોપેજ પલસાણા તાલુકાના અંત્રોલી ગામે બની રહ્યું છે. જે પ્રોજેક્ટની સંભવિત કામગીરી નિહાળવા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તારીખ પાંચ જુનના રોજ આવશે.

## પીએમના આગમનને પગલે અધિકારીઓએ તૈયારીઓ શરુ કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અજમેરમાં જાહેર સભાને સંબોધશે. અહીંથી રાજ્યની કુલ ૪૦-૪૨ વિધાનસભા બેઠકો પર પ્રભાવ પાડવાની તૈયારી છે. અહીંથી રાજ્યની ૮ લોકસભા બેઠકો પર પ્રભાવ પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અજમેરમાં પીએમની જાહેરસભાને ચૂંટણી માનવામાં આવી રહી છે. કારણ કે ચૂંટણી ખૂબ નજીક આવી ગઈ છે.

આવી સ્થિતિમાં ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ જગાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમાંથી અનેક રાજકીય અર્થ કાઢવામાં આવી રહ્યા છે. અહીં અનેક જિલ્લાઓમાંથી ભાજપના કાર્યકરો હાજર રહેશે. એક માહિતી અનુસાર અહીં ૨ લાખથી વધુ લોકોને લાવવાની તૈયારી છે. આ માટે વિપક્ષના નેતા રાજેન્દ્ર રાઠોડ, સંગઠન મહાસચિવ ચંદ્રશેખર છેલ્લા ઘણા દિવસોથી તૈયારી કરી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી અજમેર વિસ્તારના તમામ મતદારોને મળવાનું કામ ચાલી રહ્યું છે.

બીજેપીના મુખ્ય પ્રવક્તા રામ લાલ શર્માએ જણાવ્યું કે પીએમ મોદી બપોરે ૩ વાગે વિશેષ વિમાન દ્વારા કિશનગઢ પહોંચશે. બપોરે ૩.૩૫ કલાકે હેલિકોપ્ટર દ્વારા પુષ્કર મંદિર પહોંચશે. પુષ્કરમાં પીએમ મોદી બ્રહ્મા મંદિરમાં અભિષેક કરશે. ત્યાર બાદ સાંજે ૪:૪૦ કલાકે હેલિકોપ્ટર દ્વારા કયાડ વિશ્રામ સ્થલી ખાતે કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા પર જનસભાને સંબોધશે અને મહા જનસંપર્ક અભિયાનની શરૂઆત કરશે. ચૂંટણીની દ્રષ્ટિએ ભાજપ માટે આ એક મહત્વપૂર્ણ રેલી અને સભા છે.

## અમદાવાદમાં વાવાઝોડામાં મૃત્યુ પામેલા લોકોના વારસદારને સહાય મળશે

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ જિલ્લામાં બે દિવસ પહેલાના વાવાઝોડામાં મૃત્યુ પામેલ વ્યક્તિના પરિવારજનને આર્થિક રાહત સહાય ચૂકવાશે. ચોમાસા પહેલા પડેલા ધોધમાર વરસાદને કારણે અનેક જગ્યાએ નુકશાનના બનાવો સામે આવ્યા છે. જેમાં અમદાવાદમાં ઘટના બની હતી, જેમાં વીજળી પડવાથી નીપજેલા મોતને લઈ તેમણે સહાય ચૂકવવામાં આવશે. માનવ મૃત્યુને લઈ જિલ્લા વહીવટી તંત્ર રૂપિયા ૪ લાખની સહાય આપશે. વરસાદના કારણે થયેલા નુકશાનને લઈ સહાય માટે તંત્રએ પ્રક્રીયા શરૂ કરી દીધી છે. વિરમગામના દલસાણા ગામે વીજળી પડતા રોહિત ભરવાડ નામના યુવાનનું મોત નિપજ્યું હતું. જ્યારે સાણંદના જુવાળ ગામે વીજળી પડતા ડાભી ચંપાનું મોત થયું હતું. દેત્રોજમાં ૧ પશુનું મોત અને ૪ લોકોને પતરું વાગવાથી ઘાયલ થયા હતા. મહત્વનુ છે કે આગામી સમયમાં પણ વરસાદની આગાહી છે.

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## તણાયેલા યુવાનોને બચાવવા ધારાસભ્ય હીરા સોલંકીની દરિયામાં છલાંગ !

**(એજન્સી)અમરેલી,**
અમરેલી જિલ્લાના રાજુલામાં ચાર યુવાનો દરિયામાં ડૂબવાની ઘટના બની હતી, જેમાંથી ત્રણ યુવાનોને બચાવી લેવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં તરવૈયા ટીમની સાથે રાજુલાના ધારાસભ્ય હીરા સોલંકીએ પણ યુવાનોને બચાવવા માટે દરિયામાં ડૂબકી લગાવી હતી. દરિયામાં હાલ કરંટ જોવા મળી રહ્યો છે જેના કારણે લોકોને સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી રહી છે. આ કારણે ગુજરાતમાં દ્વારકાનો શિવરાજપુર બીચ અને દીવના બીચ બંધ રાખવામાં આવ્યા છે. દરિયામાં કરંટ હોવા છતાં યુવાનો ડૂબ્યા હોવાની માહિતી મળતા હીરા સોલંકીએ તરવૈયા ટીમની સાથે યુવાનોને શોધવા માટેના પ્રયાસ શરુ કર્યા હતા. દરિયામાં તરવા માટે જાણકાર યુવાનો પણ ધારાસભ્ય હીરા સોલંકીની જેમ યુવાનોને શોધવા માટેની કામગીરીમાં જોડાયા હતા.

## ૫૧ સાવજને બીમારીથી બચાવવા મારણમાં અપાઇ દવા

**(એજન્સી)અમરેલી,**
ગિરસોમનાથ અને જુનાગઢ જીલ્લો ગીર વિસ્તારની અંદર ગણવામાં આવતો વિસ્તારને ગણવામાં આવે છે. આ વિસ્તારની અંદર વન્ય પશુઓ અને પ્રાણીઓનો ખૂબ જ વસવાટ છે ગીર સિંહનું નિવાસસ્થાન ગણવામાં આવે છે. ચોમાસા પહેલા ગીર પૂર્વે પાંચ રેન્જમાં વનતંત્રની એક ઉત્કૃષ્ટ કામગીરી શરૂ કરવામાં આવી છે. સિંહને ઈતરડીથી લઈ પેટના કૃમિ સામે પણ રક્ષણ મળે જે માટે મરણમાં દવા આપવામાં આવી છે. મનીષ ઓડેદરા જણાવ્યું કે, બે વર્ષથી સિંહ માટે ખાસ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામમાં મરણમાં દવા આપવામાં આવે છે . સિંહના શરીર પરથી પણ મળે છે તેથી હિમોગ્લોબીન ઘટે છે અને બાદમાં માંદગીનો ભોગ સિંહ બને છે જેથી આ દવાઓ સિંહને મારણમાં આપવામાં આવી રહી છે અને ખાસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. દલખાણીયા રેન્જમાં ૨૨ સિંહ, સરસીયા રેન્જમાં ૫, જસાધાર રેન્જમાં ૨૦, હડાલા રેન્જમાં ૨ અને તુલસીશ્યામ રેન્જ વિસ્તારની અંદર વસતા સિંહને મારણની અંદર ખાસ દવા આપવામાં આવી રહી છે.

## ગરબાડામાં વૃદ્ધા પર દીપડાએ હુમલો કરતા મોત નીપજ્યું

**(એજન્સી)દાહોદ,**
ગુજરાતમાં અંતરિયાળ વિસ્તારોમાં દીપડાના આંટાફેરા વધી રહ્યા છે. મહત્વનુ છે કે આ તરફ દાહોદ જિલ્લામાં દીપડાના હુમલાની ઘટના સામે આવી છે. ગરબાડાના છરછોડામાં રાતના સમયે વૃદ્ધા પર દીપડાએ હુમલો કર્યો હતો. દીપડાએ કરેલા આ હુમલામાં વૃદ્ધાના ગળાના ભાગે ગંભીર ઘા વાગતા વૃદ્ધાનું મોત નિપજ્યું છે. હાલમાં દીપડાના આતંકની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. જેમાં ફરી એકવાર દીપડાના હુમલાનો એકનો જીવ ગયો છે. રહેણાંક વિસ્તારોમાં સતત દીપડાઓના હુમલાથી લોકોમાં ભયનો માહોલ ફરી વળ્યો છે. અગાઉ લીમખેડામાં બે બાળકીઓ પર દીપડાએ હુમલો કર્યો હતો. તો બીજી તરફ વન વિભાગની ટીમો પણ આવા આદમખોરોને શોધી કાઢવા કવાયત હાથ ધરી છે.

# બોપલ, ઘુમા, મણિપુર અને સાણંદમાં ઠગ દંપતીનો આતંક

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ શહેરના બોપલ, ઘુમા, મણિપુર અને સાણંદ વિસ્તારમાં હાલ એક ઠગ દંપતી ફરી રહ્યું છે. જે દુબઈના રહેવાસી હોવાનું કહીને દુકાનદારો અને વાહનચાલકો પાસેથી રૂપિયા પડાવે છે. આ દંપતી દુબઈની ચલણી નોટો બતાવીને લોકોને એવી રીતે ભ્રમિત કરે છે કે તેમનાં દિમાગ સુન્ન થઈ જાય છે અને ત્યારબાદ તે પોતાની કળા કરી ગાયબ થઈ જાય છે. બોપલથી સાણંદ જવાના રોડ પર છેલ્લા ઘણા દિવસથી આવી રહસ્યમય ઘટના બની રહી છે, જેમાં પોલીસે તપાસ તેજ કરી છે. થોડા દિવસ પહેલાં મણિપુરના એક પ્રોવિઝન સ્ટોરમાં આ દંપતી પોતાની બાળકીને લઈને ઘુસ્યું હતું અને બાદમાં સ્ટોરના વૃદ્ધ માલિકને અર્ધબેભાન કરીને ૨૩ હજાર રૂપિયા લઈને જતું રહ્યું છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં પોલીસ પણ એલર્ટ થઈ ગઈ છે. ઘુમા વિસ્તારમાં આવેલા ઋષિકેશ પાર્કમાં રહેતા અને મણિપુરમાં ભોલે નમકીન અને આઈસક્રીમ પાર્લર ધરાવતા અશોકભાઈ બલદેવની સાથે એક વિચિત્ર કિસ્સો બન્યો છે. અશોકભાઈ જ્યારે પોતાના સ્ટોર પર હાજર હતા ત્યારે એક દંપતી તેમની બાળકીને લઈને આવ્યું હતું. દંપતીએ પહેલાં કેટલીક ચીજવસ્તુ ખરીદી હતી અને બાદમાં અશોકભાઈ પાસે આવ્યું હતું. તેમણે અશોકભાઈ પાસે આવીને કહ્યું કે અમે દુબઈથી આવ્યા છીએ અને અમારે થોડી વધારે વસ્તુઓ ખરીદવી છે. અમારી પાસે ડોલર છે જો તમે તે રાખો તો અમે વસ્તુ લઈ શકીએ. યુવકે પોતાની પાસે રહેલું પર્સ કાઢ્યું હતું અને બાદમાં અશોકભાઈને બતાવ્યું હતું.

# ખુંખાર આરોપી બે દેશી તંમચા, એક પિસ્તોલ અને ૧૨ કારતુસ સાથે ઝડપાયો

**(એજન્સી)અમદાવાદ,**
લૂંટ વીથ મર્ડરના ગુનામાં આજીવન કેદની સજા પામેલા ખુંખાર આરોપી પાસેથી ક્રાઈમ બ્રાંચને બે દેશી તંમચા, એક પિસ્તોલ અને ૧૨ જીવતા કારતુસ મળી આવતા ચકચારમચી ગઈ છે. આરોપી પેરોલ જમ્પ કરીને નાસતો ફરતો હતો અને હથિયાર લાવીને કોઈ ગુનાને અંજામ આપવાના પ્લાનમાં હતો. આરોપી ક્રાઈમ બ્રાંચના ચોપડે આર્મસ એક્ટના ગુનામાં વોન્ટેડ છે અને રાજકોટની મધ્યસ્થ જેલમાંથી પેરોલ જમ્પ કરીને નાસતો ફરે છે.

આરોપી હથીયાર તસ્કરીને ગુનામાં પણ સંડોવાયેલો હોવાથી ક્રાઈમ બ્રાંચે તે દિશામાં તપાસ શરૂ કરી છે. ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, આર્મસ એક્ટના ગુનામાં વોન્ટેડ તેમજ મોરબી તાલુકામાં લૂંટ વીથ મર્ડરના કેસમાં રાજકોટની મધ્યથ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલો અલ્કેશ ઉર્ફે અખિલેશ ભદોરીયા હાલમાં પેરેલ જમ્પ કરીને નાસતો ફરે છે અને તેની પાસે પિસ્તોલ અને જીવતા કારતુસ છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ મેમ્કો આનંદ હોસ્પિટલ પાસે પહોચી ગઈ હતી અને અલ્કેશ ભદોરીયાને કોર્ડન કરી લીધો હતો.

અલ્કેશ પાસે પ્લાસ્ટીકની થેલી હતી જેમાં બે દેશી તમંચા અને એક પિસ્તોલ હતી જ્યારે તેના પેન્ટના ખીસામાંથી ૧૨ જીવતા કારતુસ મળી આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચે અલ્કેશની ધરપકડ કરીને વડી કચેરીએ લાવી હતી. અલ્કેશ લૂંટ, મારમારી તેમજ હત્યા અને હથીયાર તસ્કરીના ગુનાઓમાં સંડોવાયેલો છે. પેરોલ જમ્પ કરીને અલ્કેશ હથીયાર તસ્કરી કરી રહ્યો હોવાનું પ્રાથમીક તપાસમાં સામે આવ્યુ છે.

## રખડતાં કૂતરાએ 3 વર્ષના બાળકને ફાડી ખાતા મોત

**(એજન્સી)અમરેલી,**
અમરેલી જિલ્લામાં છેલ્લા બે મહિનામાં પ્રાણીઓના ૧૦ હુમલાની ઘટનાઓ બની છે. આગાઉ જિલ્લામાં સિંહ અને દીપડાઓએ હુમલો કર્યા હતા. ત્યારે ગઈ કાલે લાઠી તાલુકાના દામનગર ગામે વાડીમાં રમી રહેલા એક બાળકનું મોત શ્વાનના હુમલાથી થયું છે. દામનગરમાં રહેતા મધુભાઈ સિદ્ધપરાની વાડી છે. આ વાડીમાં છેલ્લા બે વર્ષથી છોટાઉદેપુર નજીક આવેલા થાંભલા ગામના નરેશભાઈનો પરિવાર વાગ્યું રાખી અને મજૂરી કરે છે. ગઈકાલે સવારના આઠ એક વાગ્યાના સમયે લીમડા નીચે ત્રણ વર્ષનું બાળક રમી રહ્યું હતું. અચાનક જ પાંચ શ્વાનનું ટોળું આ વાડીમાં ધસી આવ્યું અને લીમડા નીચે રમી રહેલા ત્રણ વર્ષના રોનકને પીખી નાખ્યું.

# થલતેજ-વસ્ત્રાલને જોડતાં મેટ્રોના કોરિડોર પર વાંદરાઓએ ઉભો કર્યો અવરોધ

**(એજન્સી)અમદાવાદ,**
એવું લાગી રહ્યું છે કે, વાંદરાઓનું ઝૂંડ ન માત્ર રહેણાંક વિસ્તારોના ઘરો માટે પણ શહેરની મેટ્રો વ્યવસ્થા માટે પણ ઉપદ્રવ બની ગયું છે. થલતેજ અને વસ્ત્રાલને જોડતાં મેટ્રોના પૂર્વ પશ્ચિમ કોરોડિર સાથે વાંદરાઓએ અવરોધ ઉભો કરવાનું શરુ કર્યુ છે. આ કોરિડોરના અમુક વિસ્તારો ઊંચા વૃક્ષોવાળા અને લીલા છમ છે અને આ વૃક્ષોની ઊંચાઈ એલિવેટેડ મેટ્રો ટ્રેકની સમાન છે. મેટ્રોના અધિકારીઓ જાણે છે કે, આ વૃક્ષો પર વાંદરાઓનો વસવાટ છે અને સાવચેતીના ભાગરુપે ટ્રેનના પાઈલટ્સને નદી ક્રોસ કરતી વખતે થલતેજ તરફ અને સરદાર પટેલ સ્ટેડિયમ નજીક વસ્ત્રાલની તરફ જતી હોર્ન વગાડવાની સૂચના આપવામાં આવી છે. જો કે, આવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે કે જ્યાં સુધી ટ્રેન તેમની ખૂબ નજીક ન આવે ત્યાં સુધી વાંદરાઓ કોરિડોરની રેલિંગ પરથી હટતા નથી, જેના કારણે ટ્રેન અટકી જાય છે. અત્યાર સુધીમાં એપીએમસીને મોટેરા સાથે જોડતા ઉત્તર દક્ષિણ કોરોડિર પર વાંદરાઓ મેટ્રો કામગીરીમાં દખલ કરતા જોવા મળ્યા નથી. મોટેરા અને ગાંધીનગર વચ્ચે કામગીરી શરુ થયા પછી આ સમસ્યા મોટી બની શકે છે. આ વિભાગમાં મેટ્રો કોરિડોર કોબા સર્કલ અને ઈન્ફોસિટી નજીકના લીલા વિસ્તારોમાંથી પસાર થાય છે, એવું એક સિનિયર ઓફિસરે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓ સમસ્યાને હળવી કરવા માટે એલિવેટેડ કોરિડોરની નજીક આવેલી શાખાઓને ટ્રિમ કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે, મેટ્રો ટ્રેનનો સતત હોર્ન વગાડવો કોરિડોરના નવરંગપુરા વિસ્તારની પાસે રહેતા રહેવાસીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. મેટ્રોના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, જો મેટ્રોની કામગીરી મોડી રાત સુધી લંબાવવામાં આવશે તો તે રહેવાસીઓની ઊંઘની ગુણવત્તાને નોંધપાત્ર રીતે અસર કરશે. એએમસીના અધિકારીએ જણાવ્યું કે, સમસ્યાની જગ્યાઓએ વૃક્ષો કાપવા માટે બિનસત્તાવાર વિનંતીઓ કરવામાં આવી હોવા છતા કોઈ સત્તાવાર સંદેશા વ્યવહાર થયો નથી અને હજુ સુધી કોઈ કાર્યવાહી શરુ કરવામાં આવી નથી.

## મહેસાણામાં એડમિશન ચાલું હતાને બિલ્ડરે રાતોરાત શાળાને તોડી પાડી

**(એજન્સી)મહેસાણા,**
મહેસાણા તળેટી ગામે બિલ્ડર દ્વારા રાતોરાત સ્કુલ તોડી પડાતા વિવાદ ઉભો થયો છે. સ્કુલના ટ્રસ્ટીએ જમીન દાનમાં આપ્યા બાદ ભાવ વધતા બિલ્ડરને વેચાણ કરી દીધાનો આરોપ લાગ્યો છે તો તો બિલ્ડરે આરોપોને નકારી કાઢ્યા છે.

મહેસાણાના તળેટી ગામની જય સોમનાથ શાળાના ગામડાના ગરીબ બાળકોને શિક્ષણ મળે તે માટે ગાયત્રી ટ્રસ્ટ દ્વારા ૨૦૦૧ થી જય સોમનાથ માધ્યમિક શાળા શરુ કરવામાં આવી હતી. જોકે આ શાળા શરુ થયા બાદ આ શાળાના ટ્રસ્ટી બાબુભાઈ પટેલે પોતાની માલિકીની જમીનમાં શાળા શરુ કરવા જગ્યા આપેલ ત્યાર બાદ સમય જતા ટ્રસ્ટીઓ બદલાયા અને જુના ટ્રસ્ટી બાબુભાઈ પટેલે પોતાની જમીન અન્ય બિલ્ડરને વેચાણ આપેલ ત્યારે ગત રાતના રોજ બિલ્ડર દ્વારા આ શાળાના રૂમો તોડી પાડવામાં આવતા વિવાદ થયો છે. હાલના સંચાલકનો આરોપ છે કે બાબુભાઈ પટેલ શાળામાં ટ્રસ્ટી હતા ત્યારે આ જમીન તેમણે શાળાને દાનમાં આપેલ અને તેના પર શાળાનું બાધકામ પણ કરેલ પરતું ભાવ વધતા આ જમીન જુના ટ્રસ્ટી બાબુભાઈ પટેલે બિલ્ડરને વેચાણ કરી દેવાઈ છે. જો કે બીજી તરફ ગાયત્રી ટ્રસ્ટ જુના ટ્રસ્ટી બાબુભાઈના પુત્ર કહે છે કે અમે શાળાને જમીન દાનમાં આપેલ નથી માત્ર શાળા ચલાવવા આપેલ અને અમારે જરૂર પડે ત્યારે ખાલી કરવા કહ્યું હતું. આ જમીન અમારી માલિકીની છે.

## મ્યુનિ. રેફયુઝ સ્ટેશન પર સૂકા કચરાની તારવણી માટે ઓટોમેટિક મશીનો મુકવામાં આવશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘરે ઘરેથી કચરો એકત્રિત કરી એને રેફયુઝ સ્ટેશન પર લઈ જવામાં આવે છે જયાં સુકા કચરાને અલગ કરવામાં આવે છે આ કામગીરી મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. અલગ તારવવામાં આવેલ કચરો રિસાયકલ થાય છે. સદર કામગીરી ઝડપી બને તેમજ સુકા કચરાનો ઝડપથી નિકાલ થાય તે માટે મ્યુનિ. કોર્પો.એ કચરા તારવણી માટે ઓટોમેટિક મશીનો વસાવવાનો પણ નિર્ણય કર્યો છે. પ્રાયોગિક ધોરણે શહેરના પાંચ રેફયુઝ સ્ટેશનો પર આ મશીનો મુકવામાં આવશે.

મ્યુનિ. હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી ચેરમેન ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે શહેરમાંથી જે ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવામાં આવે છે તેમાંથી કા કચરાને રિસાયક્લિંગ કરવાની કામગીરી કરવામાં આવે છે હાલમાં ૧૦૭૦ જેટલા રેગપિકર્સ (કચરો વીણનાર) મહિલાઓ કામગીરી કરે છે આ કામગીરીને ઝડપી કરવામાં આવે અને પૂર્ણ રિસાઈકલ થાય તેના માટેનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. સોલા વાસણા વસ્ત્રાલ વાડજ અને ખાડિયા એમ પાંચ રેફયુજ સ્ટેશન ઉપર ત્રણ કંપનીઓને કોન્ટ્રાકટ આપવામાં આવ્યા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં કંપનીઓ દ્વારા ભાવ મુકવામાં આવ્યો હતો. ૧૭૦થી લઈ ૧૮૦ રૂપિયા પ્રતિ ટન ભાવ આપવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્રને પ્રતિ ટન આ ભાવે રોયલ્ટી ચૂકવવામાં આવશે. દરેક સ્ટેશન ઉપર સેમી ઓટોમેટેડ મશીન દ્વારા આ કામગીરી કરવામાં આવશે. ઓટોમેટીક ઉપરાંત પણ જે રેગપીકર્સ દ્વારા કામગીરી કરવામાં આવે છે તે કામગીરી તો ચાલુ જ રહેશે જેના કારણે આ સૂકા કચરાના રિસાયકલિંગની કામગીરી ખૂબ જ ઝડપથી પૂર્ણ થશે.

## મ્યુનિ. કોર્પોરેશનની તિજોરી છલકાઈ : પ્રોપર્ટી ટેક્ષ પેટે રૂા.૬૮૨ કરોડની આવક

**(પ્રતિનિધિ) અમદાવાદ,**
અમદાવાદ મ્યુનિ. કોર્પો. દ્વારા જાહેર કરવામાં આવેલ એડવાન્સ ટેક્ષ રિબેટ યોજનાના અંતિમ દિવસે મ્યુનિ. તિજોરી છલકાઈ ગઈ. ચાલુ નાણાંકીય વર્ષમાં મ્યુનિ. કોર્પો.ને પ્રોપર્ટી ટેક્ષ પેટે રૂા.૬૮૨ કરોડની માતબર આવક થઈ છે જયારે કરદાતાઓને રૂા.૬૭ કરોડ જેટલું રિબેટ આપવામાં આવ્યું છે. મ્યુનિ. રેવન્યુ કમિટિ ચેરમેન જૈનિક વકિલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે વર્તમાન નાણાંકિય વર્ષમાં ૧૮ એપ્રિલથી ૩૧ મે સુધી કરદાતાઓને એડવાન્સ ટેક્ષ રિબેટ આપવામાં આવ્યું હતું જેમાં ચાલુ વર્ષનો એડવાન્સ ટેક્ષ ભરપાઈ કરનારને ૧૨ ટકા, ઓનલાઈન ટેક્ષ ભરવામાં આવે તો ૧૩ ટકા, તથા સતત ૩ વર્ષ સુધી એડવાન્સ ટેક્ષ ભરપાઈ કર્યો હોય તેવા કરદાતાઓને ૧૫ ટકા સુધીનું રિબેટ આપવામાં આવ્યું હતું. સદર યોજના અંતર્ગત ૪ લાખ ૯૬ હજાર કરદાતાઓએ ટેક્ષ ભરપાઈ કર્યો હતો જે પૈકી ૫૪ટકા કરદાતાઓએ ઓનલાઈન ટેક્ષ ભર્યો છે તેમજ કરદાતાઓને રૂા.૬૬.૮૦ કરોડ જેટલુ રિબેટ આપવામાં આવ્યું હતું. વર્તમાન નાણાંકીય વર્ષમાં પ્રોપર્ટી ટેક્ષ પેટે રૂા.૬૮૨, પ્રોફેશન ટેક્ષ પેટે રૂા.૩૫ કરોડ અને વ્હીકલ ટેક્ષ પેટે રૂા.૩૨ કરોડની આવક થઈ છે. આમ વર્તમાન નાણાંકિય વર્ષમાં રૂા.૭૪૯.૮૯ કરોડની વસુલાત થઈ છે જેની સામે ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રૂા.૨૪૬.૪૫ કરોડની આવક થઈ હતી. મ્યુનિ. કોર્પો.એ પ્રોપર્ટી ટેક્ષની બાકી વસુલાત માટે હરાજી યોજના, બોજો નાંખવો તેમજ સીલીંગ ઝુંબેશ જેવી કડક કાર્યવાહીઓ કરી હતી. જે કરદાતાઓ આગામી બે-ત્રણ વર્ષ સુધીનો કર એક સાથે ભરપાઈ કરવા ઈચ્છતા હોય તેઓ રૂા.૨૦૦૦ ની નોટ પણ ભરી શકે છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.



નિર્જલાએકાદશીનિમિત્તેસ્વામિનારાયણગુરુકુળમંદિરમાંભગવાનનેકેરીધરાવીનેઆમઉત્સવનીઉજવણી કરાઈ હતી.(તસવીર :જયેશ મોદી)

વિઝીટનો કોઇ ચાર્જ નથી
વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ
આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો
● ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
● માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે
૫ વર્ષની વોરંટી
એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.
અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮
website : www.brightmegaicitalian.com
પેમેન્ટ ચેકથી કરવું.
ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન